**MUKESH M THUMAR**

(ADVOCATE)

Off.108, 1st Floor, Nakshtra Plaza, Gokul Vihar Township,
N.H.8, Above Sub-Way, Opp. New Court Building, Vapi, Dist. Valsad, Tel-fax. 0260-2468085.Mb.9825145085, E-mail ID-adv.mukeshthumar@yahoo.com

## –:: ટાઈટલ સર્ટીફીકેટ ::–

વિષય :– <u>મોજે વાપી તા. વાપીમાં આવેલ બીનખેતીના સર્વે નંબર ૪૬૫/૧પૈકી ૧ વાળી જમીનમાં રહેઠાણ અંગેના મકાનો બાંધવાના હેતુસરની કુલ્લે ૧૧૧૩.૦૦ ચો.મી. ના ક્ષેત્રફળવાળી જમીનમાં બાંધવામાં આવેલ "લવકુશ એપાર્ટમેન્ટ–II" નામના બીલ્ડીગ વાળી મીલકતના ટાઈટલ બાબતનું પ્રમાણપત્ર....</u>

વલસાડ ડીસ્ટ્રીકટના રજીસ્ટ્રેશન સબ ડીસ્ટ્રીકટ વાપી તાલુકાના મોજે વાપી ખાતે આવેલ ખેતીના **સર્વે નંબર ૪૬૫/૧પૈકી ૧** વાળી હેકટર ૦–૧૧ આરે–૧૩ પ્રતિઆરે વાળી બીનપિયત ખેતીની જમીન તથા તેને લાગતા, વળગતા, તમામ પ્રકારના હકકો અને સુખાધિકારો સહીતની મીલકત આવેલી છે. (જે મીલકત ને હવે પછી આ લેખમાં **'સદરહું મિલકત'** તરીકે સંબોધવામાં આવશે.)

ઉપયુકત જમીન સૌપ્રથમ ભાઈ ભાગ્યા વચ્ચે વહેચણ થતાં સદરહું સર્વે નં.૪૬૫/૧ ભગવાનભાઈ વસનભાઈના કબજે ભોગવટે આવેલ છે. જે અંગે રેવન્યું રેકર્ડ દફતરે ફેરફાર **નોંધ નં. ૨૧૫૮**, તા. ૧/૦૮/૪૯ ના રોજ પાડવામાં આવેલ છે.

ત્યારબાદ સદરહું જમીનના અગ્રહકકધારી ભગવાનભાઈ વસનભાઈ તા.૧૨/૮/૧૯૮૫ ના રોજ ગુજરી જતાં વારસાઈ હકકે વિધવા ઢેડકીબેન તથા પુત્ર છીબુભાઈ તથા પુત્રી પાર્વતીબેન નામના હતા. તેઓ પૈકી પુત્રી પાર્વતીબેને પોતાનો વારસાઈ હકક જતો કરેલ હોવાથી વિધવા ઢેડકીબેન અને પુત્ર છીબુભાઈનું નામ રેવન્યું રેકર્ડ દફતરે ફેરફાર **નોંધ નં. ૮૧૬૬**, તા.૨૧/૧૨/૮૬ ના રોજ પાડી ચઢાવવામાં આવેલ છે.

ત્યારબાદ સદરહું જમીનના સહ માલીકો ઢેડકીબેન તા.૨૨/૬/૨૦૦૦ ના રોજ ગુજરી જતાં સીધીલીટીના વારસદાર તરીકે છીબુભાઈ અને પુત્રી પાર્વતીબેન નામના હતા. તે પૈકી પુત્રી પાર્વતીબેને વારસાઈ હકક જતો કરેલ હોવાથી છીબુભાઈનું નામ વારસદાર તરીકે દાખલ કરવા અંગે રેવન્યું રેકર્ડ દફતરે ફેરફાર **નોંધ નં. ૧૦૯૦૧, તા. ૩/૧૦/૨૦૦૦** ના રોજ પાડવામાં આવેલ છે.

પાના નં. ૨

Scanned by CamScanner

ત્યારબાદ સદરહું જમીન (૧) શ્રી કમલેશભાઈ છગનભાઈ મણવર, (૨) શ્રી દિનેશભાઈ લક્ષ્મણભાઈ ઉર્ફે લક્ષ્મીદાસ સાપરીયા, (૩) શ્રી બાબુભાઈ મણીલાલ પટેલનાઓએ તારીખ ૧૮.૧૦.૨૦૧૨ ના રોજના કાયદેસરના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ રૂએ શ્રી છીબુભાઈ ભગવાનજી પટેલ પાસેથી ખરીદ કરેલ હતી. જે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ મે. પારડીના સબ રજીસ્ટ્રાર સાહેબની ઓફીસમાં તારીખ ૨૨.૧૧.૨૦૧૨ ના રોજ **અનુક્રમ નંબર. ૯૨૦૮** થી નોંધાયેલ છે. જે અંગેની નોંધ વાપી ગામના ગામ નમુના નં. ૬ ના હકક પત્રકમાં ફેરફાર **નોંધ નં.૧૨૯૦૯ થી તા.૨૪/૧૨/૨૦૧૨** ના રોજ પાડવામાં આવેલ છે જે નોંધ પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદરહું જમીનના અગ્રહકકધારીઓ (૧) કમલેશભાઈ છગનભાઈ મણવર (૨) શ્રી દિનેશભાઈ લક્ષ્મણભાઈ ઉર્ફે લક્ષ્મીદાસ સાપરીયા (૩) શ્રી બાબુભાઈ મણીલાલ પટેલ ઉપયુકત સર્વે નંબર : ૪૬૫/૧/પૈકી ૧ ની કુલ હે. ૧૧૧૩.૦૦ ચો.મી. ના ક્ષેત્રફળ વાળી ખેતીની જમીનને ખેતીના કૃત્યમાંથી રહેણાંકના હેતુસરનું બાંધકામ કરવાના હેતુસર બીનખેતીના કૃત્યમાં ફેરવવા માટે વલસાડ જિલ્લાના કલેકટર સાહેબશ્રીને અરજી કરતા હમો વેચાણ આપનારાઓની તેવી અરજી તેઓ સાહેબશ્રીએ માન્ય રાખેલી અને તેમના તા. ૨૪/૦૨/૧૫ ના રોજના **હુકમ નં. સીબી/એન.એ./રજી.૧૭/૨૦૧૪–૧૫/વશી–૮૨૨–૮૩૦/૧૫** થી ઉપર વર્ણવેલ સર્વે નંબર : ૪૬૫/૧/પૈકી ૧ ની ૧૧૧૩.૦૦ ચો.મી. ના ક્ષેત્રફળવાળી જમીનને ખેતીના કૃત્યમાંથી બીનખેતીના કૃત્યમાં કાયદેસર રીતે ફેરવેલ છે. અને તેની સાથે જે લે આઉટ પ્લાન રજુ કરેલો હતો, તે લે આઉટ પ્લાન પણ તેઓ સાહેબશ્રીએ મંજુર કરેલો છે. અને તે હકીકતમાં કુલ્લે હે. ૧૧૧૩.૦૦ ચો.મી.ના ક્ષેત્રફળવાળી જમીન બીનખેતીના રહેણાંક બાંધવાના હેતુસર એન.એ. કરવામાં આવેલ છે. જે અંગે રેવન્યું રેકર્ડ દફતરે ફેરફાર **નોંધ નં. ૧૩૩૫૬, તા. ૧૮/૦૪/૨૦૧૫** ના રોજ પાડવામાં આવેલ છે. જે નોંધ પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદરહું જમીન **મે. રામાયણ કન્સ્ટ્રકશન એલ.એલ.પી.નાએ તારીખ ૧૩.૦૪.૨૦૧૬** ના રોજના કાયદેસરના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ રૂએ (૧) કમલેશભાઈ છગનભાઈ મણવર (૨) શ્રી દિનેશભાઈ લક્ષ્મણભાઈ ઉર્ફે લક્ષ્મીદાસ સાપરીયા (૩) શ્રી બાબુભાઈ મણીલાલ પટેલનાઓ પાસેથી ખરીદ કરેલ હતી. જે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ મે. પારડીના સબ રજીસ્ટ્રાર સાહેબની ઓફીસમાં **તારીખ ૧૩.૦૪.૨૦૧૬** ના રોજ **અનુક્રમ નંબર. ૩૭૫૩** થી નોંધાયેલ છે.–

**પાના નં...૩.**

THUMAR
PI

Scanned by CamScanner

જે અંગેની નોંધ વાપી ગામના ગામ નમુના નં. ૬ ના હકક પત્રકમાં ફેરફાર **નોંધ નં. ૧૩૫૯૨** થી **તા. ૨૬/૦૯/૨૦૧૬** ના રોજ પાડવામાં આવેલ છે જે નોંધ પ્રમાણિત થયેલ છે અને તે હકીકતમાં **મે. રામાયણ કન્સ્ટ્રકશન એલ.એલ.પી.** સદરહું જમીનનાં કાયદેસરના માલીક અને કબજેદાર બનેલા છે.

ત્યારબાદ **મે. રામાયણ કન્સ્ટ્રકશન એલ.એલ.પી.એ** સદરહું બીનખેતીના **સર્વે નંબર ૪૬૫/૧/પૈકી ૧** વાળી **૧૧૧૩.૦૦ ચો.મી.** વાળી જમીનમાં આર.સી.સી. ટાઈપનું રહેઠાણ લાયક બીલ્ડીગનું બાંધકામ કરવા અંગેની કાયદેસરની રીવાઈઝડ પરવાનગી મેળવવા માટે વાપી નગરપાલીકાને તા. ૦૪/૦૯/૨૦૧૭ ના રોજ અરજી કરેલ અને વાપી નગરપાલીકાએ તેમનાં તારીખ ૦૯/૦૩/૨૦૧૮ ના **પરવાનગી ક્રમાંક : ૧૩૭, જાવક નં. ટીપી/રજી.૨/વશી–૨૦૦૩/૨૦૧૭–૧૮/૩૯૦૯** થી **ઠરાવ ક્રમાંક નંબર ૨.૨ (૩૦ )** થી સદરહું જમીનમાં આર.સી.સી. ટાઈપનું બીલ્ડીગનું બાંધકામ કરવા અંગેની પરવાનગી આપેલ છે. અને સદરહું બાંધકામ પરવાનગી તથા મંજુર થયેલ નકશા મુજબ સદરહું જમીનમાં રહેઠાણ લાયક બીલ્ડીગ બાંધકામ કરવાનું આયોજન કરેલ છે જે બીલ્ડીગ **"લવકુશ એપાર્ટમેન્ટ–II"** ના નામથી ઓળખાશે.

## –:: મીલ્કતનું વર્ણન ::–

વલસાડ ડીસ્ટ્રીકટના રજીસ્ટ્રેશન સબ ડીસ્ટ્રીકટ વાપી તાલુકાના મોજે વાપી ખાતે આવેલ બીનખેતીના **સર્વે નંબર ૪૬૫/૧/પૈકી ૧** ની **૧૧૧૩.૦૦ ચો.મી.** વાળી જમીન ઉપર બાંધવામાં આવેલ **"લવકુશ એપાર્ટમેન્ટ–II"** ના નામે ઓળખાતા બીલ્ડીગ વાળી મીલકત.

તારીખ :– ૦૩/૦૪/૨૦૧૮

સ્થળ :– વાપી

MUKESH M. THUMAR ADVOCATE VAPI

(એડવોકેટ)

Scanned by CamScanner